# સરકારે બહુભાષીતાને મહત્વ આપી બંધારણમાં સુધારા કરવા જોઈએ

ભારતના બંધારણની આઠમી સૂચિમાં સત્તાવાર ભાષાઓની સૂચિ છે. આ સૂચિમાં અત્યારે કુલ ૨૨ ભાષાનો સમાવેશ થાય છે. તેમાં આપણી ગુજરાતી ભાષાનો પણ સમાવેશ થયેલ છે. આ ઉપરાંત અત્યારે બીજી ૧૬ ભાષાઓ ઉમેરીને ૩૮ ભાષાનો સમાવેશ કરવાની માંગ ઊઠી રહી છે. ભારત માટે ગૌરવ લેવા જેવી અનેક બાબતો છે, જેમાં મહત્વની બાબત એ છે કે, ભારતની વિવિધતામાં એકતા છે. અન્ય દેશોની વાત કરીએ તો જે તે દેશની મુખ્ય એક જ ભાષા છે. ભાગ્યેજ એવો દેશ હશે કે જ્યાં ત્રણચાર ભાષાઓને માન્યતા મળી હોય. જયારે ભારતમાં ૨૨ જેટલી ભાષાને સત્તાવાર ભાષા તરીકેનો દરજ્જો આપવામાં આવેલ છે, અને હજુ બીજી ભાષાનો સમાવેશ કરવાની માંગ પણ છે. ભાષાઓની આટલી વિવિધતા વચ્ચે પણ આપણે સૌ એક સાથે હળીમળીને રહીએ છીએ, એકબીજાની ભાષાને માન આપીએ છીએ. ભારતની એકતામાં ભાષા ક્યારેય અવરોધરૂપ બની નથી અને બનશે પણ નહિ.

અત્યારે દુનિયામાં આશરે ૬૫૦૦ જેટલી ભાષાઓ બોલાય છે. આ દરેક ભાષાનું જે તે સમાજ માટે વિશિષ્ટ સ્થાન છે. દરેક ભાષા જીવતી રહે અને બોલાતી રહે તેમ દુનિયાની દરેક વ્યક્તિ માની રહી છે. માટે તો ૨૧મી ફેબ્રુઆરીએ આંતરરાષ્ટ્રીય ભાષા દિવસ ઉજવવામાં આવે છે. દર વર્ષે ભાષા માટે ચોક્કસ વિષય યુનેસ્કો દ્વારા નક્કી કરવામાં આવે છે. આ વર્ષનો વિષય હતો- "શિક્ષણ અને સમાજમાં સમાવેશ માટે બહુભાષીતાને પ્રોત્સાહન આપવું". આ રીતે જોતા યુનેસ્કો પણ માને છે કે, ગમે તેટલા અવરોધ હોય તો પણ શિક્ષણ અને સમાજનો લાભ દરેક વ્યક્તિ લઇ શકે તે માટે બહુભાષીતાને મહત્વ આપવું જોઈએ.
ભાષાને લઈને ભારતમાં ઊભી થયેલી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને, ભારતીય ભાષાઓના સશક્તિકરણ માટે ગયા અઠવાડિયે બેન્ગલુરુ (બેંગ્લોર)થી એક વેબીનારનું આયોજન કરવામાં આવેલું. જેમાં ભારતના મોટાભાગના રાજ્યોમાંથી પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. વેબીનારમાં બે દિવસની ચર્ચાને અંતે એક ઠરાવ પાસ કરવામાં આવ્યો હતો. જેમાં ભાષાને કારણે ઊભી થયેલી સમસ્યા તરફ સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. માત્ર ધ્યાન જ દોરવામાં નહોતું આવ્યું, પરંતુ સાથે ઉપાયો પણ જણાવવામાં આવેલા. આપણા બંધારણની આઠમી અનુસૂચિમાં સૂચિબદ્ધ ભાષાઓ માટે સમાનતાના અધિકારની પ્રાપ્તિના મુદ્દા પર બેંગ્લોરમાં ચર્ચા કરવામાં આવેલી. આ જૂથે સર્વસંમતિથી બેંગલુરૂ ઠરાવને પસાર કર્યો જેમાં .ભારત સરકારને ભારપૂર્વક કહેવા નું નક્કી કર્યું કે, લાંબા સમયથી બાકી રહેલા ભાષા સબંધિત મુદ્દાને હલ કરવા અને તેના મૂળ મૂલ્યોને સમર્થન આપવા માટે ભારતના બંધારણમાં જરૂરી સુધારા કરવામાં આવે. આ ઠરાવનું ભારતની મોટાભાગની ભાષામાં અનુવાદ કરવામાં આવ્યું. ત્યારબાદ રવિવારે ૨૧મી ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય માતૃભાષાના દિવસે વડાપ્રધાનને તે સુપરત કરવામાં આવ્યું. જેમાં મુખ્ય માંગણીમાં ભારતના બંધારણમાં સુધારો કરીને કેટલીક વધુ ભાષાનો સમાવેશ કરવાની વાત છે.
ભારતની પરિસ્થિતિ કે બંધારણની વાત કરીએ તો, ભારતીય સંઘ એવા લોકોનું એક જૂથ છે જે વિવિધ ભાષાઓ બોલે છે , તેનો પોતાનો સમૃદ્ધ ઇતિહાસ છે . ભારતના બંધારણ ની આઠ મી અનુસૂચિ, ભારતની ભાષાકીય વિવિધતાને સ્વીકાર કરીને દેશના ખૂણે ખૂણામાં બોલાતી અલગ અલગ બાવીસ ભાષાઓને માન્યતા આપે છે. ભારતનું બંધારણ દેશના તમામ નાગરિકોને શિક્ષણ અને રોજગાર માટેની સમાન તકોની ઉપલબ્ધતાની ખાતરી આપે છે. ભારતીય સંઘ, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે અને રોજગાર મેળવવાની લાયકાત માટે પરીક્ષાનું આયોજન કરે છે , પરંતુ વર્તમાન ની આ પદ્ધતિ આઠ મી અનુસૂચિ મુજબ બધી ભાષાઓ બોલતા લોકોની જરૂરિયાતોને પૂરતા પ્રમાણમાં પૂરી કરી શકતી નથી .મુક્તપણે બોલવાના અને અભિવ્યક્તિના મૂળભૂત અધિકાર માં સંઘ દ્વારા બનાવવામાં આવેલા કાયદા અને નિયમો વિશેની માહિતી

મેળવવાનો અધિકાર પણ શામેલ છે જો કાયદા અને નિયમો અપ્રાપ્ય ભાષાઓમાં બનાવવામાં આવે , તો તે બહુમતી નાગરિકો માટે તેમના અધિકારનો અંત લાવે છે .

ભારત એક બહુભાષી દેશ છે. આપણે બધાં જ માનીએ છીએ કે, બાળકનું શાળા શિક્ષણ જેટલાં પ્રમાણમાં માતૃભાષામાં અપાય તે બાળકના હિતમાં છે. ત્યારે એક વાત ચોક્કસ છે કે, ભારતીય બાળકને તેની માતૃભાષામાં શિક્ષણ તો અપાય, પણ તે ભાષા ભારતની માન્ય કે સત્તાવાર ભાષા ના હોય તો કેમ ચાલે? માતૃભાષામાં શિક્ષણની વાત કરતા આપણે સૌ આગળ જતાં એ બાળકનું ભવિષ્ય ઝુંટવી લઈએ છીએ. આજે ઉચ્ચ અભ્યાસ માટે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષા અમુક ચોક્કસ ભાષામાં જ લેવામાં આવે છે. ત્યારે પોતાની માતૃભાષા કે પ્રાદેશિક ભાષામાં પ્રશ્નપત્ર ના હોવાને કારણે લાખો વિદ્યાર્થીઓ પ્રવેશ પરીક્ષામાં સફળ થતા નથી. કેન્દ્ર સરકારમાં નોકરી મેળવવા માટે યોજવામાં આવતી ભરતીની પરીક્ષાઓ પણ અમુક ચોક્કસ ભાષામાં જ યોજવામાં આવે છે. જેના કારણે લાખો યુવાનો ભાષાને કારણે પરીક્ષામાં સફળ થઇ શકતા નથી. આજે પણ લાખો લોકોની સંસ્કૃતિ સમાન તેમની ભાષાથી તેઓ દૂર છે, ત્યારે ભારતમાં મોટા વર્ગમાં બોલાતી તમામ ભાષાને માન્યતા મળવી જોઈએ. ભારતને આઝાદી મળી ત્યારબાદ ૭૦ વર્ષે પણ આપણા કરોડો નાગરિકને તેમની ભાષામાં તેમના હક્ક કે ફરજ જાણવાની વ્યવસ્થા આપણે ઊભી કરી શક્યા નથી. આજે પણ આપણા કાયદાઓ અંગ્રેજી ભાષામાં જ રચાય છે અને અંગ્રેજી ભાષામાં જ પ્રકાશિત થાય છે. હા, કેટલાક પ્રમાણમાં હિન્દીમાં તેની નકલ મળે છે ખરી. ત્યારે પ્રશ્ન એ થાય કે, ગ્રામ્ય વિસ્તારમાં રહેતા કરોડો કરોડો ભારતીય નાગરિક તે કાયદાઓ વાંચી શકે છે ખરા? અરે, આપણી અદાલતોમાં થતી કાર્યવાહીમાં પણ અંગ્રેજી ભાષાનું જ પ્રભુત્વ જોવા મળે છે. ત્યારે આમઆદમી પોતાના હક્કોથી કેટલો દૂર છે તે સમજી શકાય તેમ છે.

બેંગ્લોર ઠરાવની સાથે ભારત સરકારને કરેલ માંગણીમાં મુખ્યત્વે બંધારણ સુધારવાની વાત છે. જેમાં આઠમી અનુસૂચિમાં સમાવિષ્ટ તમામ ભાષાઓને સંઘની સત્તાવાર ભાષાઓ તરીકે માન્યતા આપવા માટે બંધારણમાં ફરજિયાત સુધા રો કરવો. આઠમી અનુસૂચિમાં સમાવિષ્ટ તમામ સત્તાવાર ભાષાઓમાં કાયદા , નિયમો અને સૂચનાઓ રજૂ કરવા . ભારતીય સંઘ હેઠળ જાહેર કરાયેલ પદ પર નિમણૂકો માટે અને શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ પરીક્ષાઓ માટે આઠ મી અનુસૂચિ માં સમાવિષ્ટ તમામ સત્તાવાર ભાષાઓમાં તકો પૂરી પાડવી. સંઘની સેવાઓ માટેની નિમણૂંક માટેની તમામ પરીક્ષાઓ , જેમાં સંસદ દ્વારા બનાવાયેલા કાયદા દ્વારા સ્થાપિત કોઈપણ સત્તા સહિત , જાહેર ક્ષેત્રના અસ્તિત્વ ધરાવતા સાહસો ,જેને ભારતીય સંઘ અથવા ભારતના એકીકૃત ભંડોળમાંથી નાણા પૂરા પાડ્યા હોય ,સંઘની બધી સત્તાવાર ભાષાઓમાં કરવામાં આવશે . તમામ નવા કાયદા , નિયમો અને સૂચનાઓને આઠમી અનુસૂચિમાં સામેલ તમામ સત્તાવાર ભાષાઓમાં તાત્કાલિક પ્રકાશિત કરવા. પ્રવર્તમાન તમામ કાયદા, નિયમો અને સૂચનાઓને આઠમી અનુસૂચિમાં સામેલ તમામ સત્તાવાર ભાષાઓમાં ક્રમશ પ્રકાશિત :કરવા. શૈક્ષણિક સંસ્થાઓની તમામ પ્રવેશ પરીક્ષા સંઘ દ્વારા આઠમી અનુસૂચિ મુજબની તમામ માન્ય ભાષાઓમાં લેવામાં આવે .સંઘ હેઠળના તમામ પદ હોદ્દા પર/ નિમણૂક માટેની તમામ પરીક્ષાઓઆઠમી અનુસૂચિમાં સમાવિષ્ટ ભાષામાં લેવામાં આવે .કેન્દ્ર સરકાર અને તેની તમામ એજન્સીઓ સુનિશ્ચિત કરશે કે લોકોને સંઘ દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ સેવાઓ આઠ મી અનુસૂચિ હેઠળ સમાવિષ્ટ બધી ભાષાઓમાં પ્રદાન કરવામાં આવે . કેન્દ્ર સરકાર અથવા તેની એજન્સીઓ દ્વારા જારી કરવામાં આવેલ તમામ ભાષણો, ઘોષણાઓ અને ટિપ્પણીઓ નોધો/ વગેરે આઠમી અનુસૂચિમાં સમાવિષ્ટ બધી ભાષામાં અનુવાદ કરે. રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડેલ તમામ આદેશને હિન્દી ભાષા ઉપરાંત સંઘની તમામ સત્તાવાર ભાષાઓમાં બહાર પાડવામાં આવે .

ઉપરોક્ત રીતે જોતાં ભારતમાં હજુ ઘણી ભાષાઓને સત્તાવાર માન્યતા આપવામાં આવે અને તેનો સમાવેશ વિવિધ રીતે કરવામાં આવે તો હજુ ઘણાં નાગરિકોને તેનો લાભ થાય. આજના ઈન્ટરનેટ યુગમાં ગુગલ

જેવી પરદેશની કંપની જો ભારતીય ભાષાઓને મહત્વ આપતી હોય તો ભારત સરકારે શક્ય તેટલી ઝડપથી બાકાત ભાષાનો સમાવેશ કરવો જોઈએ.

**અશોકી** : એક સંશોધન મુજબ હોશિયાર અને નબળાં વિદ્યાર્થી વચ્ચે સિદ્ધિ પ્રાપ્તિમાં રહેલું અંતર શિક્ષણનું માધ્યમ વિદેશી ભાષા હોય તો વધુ જોવા મળે છે, જયારે  બન્નેનું શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોય તો તે અંતર ઓછું જોવા મળે છે.